# -:: <u>પ્રેસનોટ</u> ::-



બાળલકવા નાબુદી અભિયાન હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં "નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે" અંતર્ગત પલ્સ પોલીયો કાર્યક્રમનો રાઉન્ડ તા.૨૩/૦૬/૨૦૨૪ થી તા.૨૬/૦૬/૨૦૨૪ દરમ્યાન હાથ ધરવાનો છે. આ કાર્યક્રમ દરમ્યાન ૦-૫ વર્ષ સુધીના બાળકોને પ્રથમ દિવસે નકકી કરવામાં આવેલ રસીકરણ બુથ ઉપર તથા બીજા, ત્રીજા અને ચોથા દિવસે ઘરે-ઘરે ફરી પોલીયોની રસી પીવડાવવામાં આવશે.

આ કાર્યક્રમનાં સફળઅમલીકરણ માટે માનનીય.ડે.મેયરશ્રી ડૉ. નરેન્દ્ર પાટીલના અધ્યક્ષ સ્થાને તા.૧૮/૦૬/૨૦૨૪ ના રોજ  બપોરે ૧૨:૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના નવા સ્થાયી સમિતી ખંડમાં સ્ટીયરીગ કમિટિની મીટીગ રાખવામાં આવેલી હતી. જેમાં ચેરમેનશ્રી-હોસ્પિટલકમિટી મનીષાબેન આહીર,ચેરમેનશ્રી આરોગ્ય કમિટીનેન્સીબેન એસ. શાહ,નેતાશ્રી શાસક પક્ષ શશીબેન ડી. ત્રિપાઠી ,આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓ, સિવિલ/સ્મીમેર હોસ્પિટલ તથા WHOના પ્રતિનિધિઓ, ICDS ના પ્રતિનિધિઓતથા BSNL, ટોરેન્ટ પાવર, સુમુલ ડેરી, ગુજરાત ગેસ, સીટી લીંકતેમજ IMA ના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતાઅને કાર્યક્રમને સફળ બનાવવા માટે પોત-પોતાની સંસ્થાનો યોગ્ય સહકાર આપવા માટે તૈયારી બતાવી હતી.

આરોગ્ય અધિકારીશ્રી ડો. પ્રદીપ ઉમરીગર દ્વારા સદર રાઉન્ડ દરમ્યાન સુરત મહાનગરપાલિકાના કુલ ૯ ઝોનના ૬૨ ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર પરથી ૦ થી ૫ વર્ષના તમામ બાળકોને આવરી લેવાના આયોજન બાબતે માહિતગાર કરેલ, ડે.કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) ડો.આશિષ નાયકદ્વારા નેશનલ પોલીયો રાઉન્ડ માટે વિવિધ પ્રચાર-પ્રસાર માધ્યમો દ્વારા બહોળો પ્રચાર કરી

દરેક નાગરિકો સુધી પોલીયો રાઉન્ડ અંગેનો સંદેશ મળી રહે તે મુજબ આયોજન કરવા ભાર પૂર્વક જણાવવામાં આવેલ.

માનનીયડે.મેયરશ્રીએશહેરીજનોને તા.૨૩/૦૬/૨૦૨૪ ના રોજ રહેઠાણ નજીકના રસીકરણ બુથ પર જઈ પોતાના ૦૫ વર્ષ સુધીના બાળકોને પોલિયોનીરસી પીવડાવવા અનુરોધ કરેલ.

**ચાલો, આપણે સૌ સાથે મળી ભારતને “પોલિયો મુકત” અવિરત રાખીએ.**

**આરોગ્ય વિભાગ**
**સુરત મહાનગરપાલિકા**

જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં. 88 ,તા.18/06/2024